હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

# ઉદીચ્ય

સળંગ અંક : ૮૮૨, વર્ષ : ૩૭, અંક : ૧૧
૦૧-જૂન, ૨૦૨૬

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

**પર્યાવરણ બચાવો...**

ઠેર ઠેર નવા વૃક્ષ લગાવો, આજ પર્યાવરણ બચાવો.
થોડું ચાલીને જઈએ, એ રીતે પ્રદુષણ ઓછું કરીએ,
દુનિયા ઘણી સુંદર દેખાશે, જો ઝાડ થોડા ઓછા કપાશે,
કચરો બધે ન કરીએ, નદીને પણ શુદ્ધ કરીએ,
એકતાથી થશે બધું કામ, ચાલો પ્રદુષણ મુક્ત કરીએ દરેક ગામ,
શુદ્ધ થશે આ વાતાવરણ, બચાવીશું આપણે પર્યાવરણ.
ધરતી પર હરિયાળી લાવો, હવે પર્યાવરણ બચાવો.

**વિશ્વ પર્યાવરણ દિવસ**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ.

૧૯૭૪માં 'only one earth' ની થીમ ઉપર પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આજના બદલાતા પર્યાવરણને ધ્યાનમાં રાખી લોકોમાં પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને આપણી પૃથ્વીને બચાવવા માટેના પ્રયાસ કરવા પર્યાવરણ દિવસ દર વર્ષે ૫ મી જૂને ઉજવાય છે. આધુનિક યુગમાં વધતા જતા પ્રદૂષણ, ગ્લોબલ વોર્મિંગ (તાપમાનમાં વધારો) અને જંગલોના નિકંદનને કારણે પર્યાવરણને મોટું નુકશાન થઈ રહ્યું છે. ભારત સરકારના એક અભ્યાસ પ્રમાણે છેલ્લા વર્ષોમાં દેશના તાપમાનમાં દર વર્ષે ૦.૮ સેલ્સિયસ જેટલો વધારો થાય છે. માત્ર વાયુ પ્રદૂષણને કારણે ૨૦૧૯માં લગભગ ૪૨ લાખ લોકોના મૃત્યુ થયા હતા. કાર્બન ડાયોકસાઈડ, અને અન્ય ગ્રીન હાઉસ વાયુઓના શોષણ માટે મહાસાગરો, પૃથ્વીની સપાટી અને વૃક્ષો ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવે છે. એક વૃક્ષ લગભગ એક થી બે ટન $CO_2$ શોષી લે છે. વૈશ્વિક સમુદાયના હાલમાં ચાલી રહેલ સમય પ્રમાણે અને પૃથ્વીના રક્ષણ માટે વૃક્ષોનું વાવેતર કરવું, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરી પર્યાવરણને શુધ્ધ રાખવું તેમજ પાણી, વિજળી અને અન્ય કુદરતી સંસાધનોનો જરૂર મુજબ ઉપયોગ કરી બચત કરવી.

માનવીય પ્રવૃત્તિઓને કારણે વાર્ષિક ૩૮ અબજ ટન $CO_2$ ઉત્સર્જિત કરવા માટે આપણે દર વર્ષે લગભગ ચારસો અબજ વૃક્ષોનું વાવેતર કરવું પડે. એક છોડ જયારે વૃક્ષ બને છે ત્યારે લાખો રૂપિયાનું પાણી રી-સાઈકલીંગ કરી આપે છે, ખોરાક બનાવે વરસાદ લાવે પ્રાણવાયુના ઉત્પાદનની સાથે તાપમાનમાં ઘટાડો કરે છે. સિક્કિમમાં બાળકના જન્મ પર પરિવાર ૧૦૮ રોપાનું વાવેતર કરે છે અને 'મેરો



રૂખ, મેરો સંતતિ યોજના હેઠળ બાળકના જેમ માતા-પિતા તેનો ઉછેર કરે છે. આમ કરવાથી વન વિસ્તાર અને હરિયાળીમાં વધારો થાય, પ્રદૂષણ મુક્ત પૃથ્વી બને. સિક્કિમની આ પહેલથી ૯૦૦૦ જેટલા પરિવારોએ ૧૦ લાખ કરતા વધારે રોપાઓનું વાવેતર કરી તેના ઉછેરની સંપૂર્ણ જવાબદારી લીધી. 'એક પેડ મા કે નામ' અંતગર્ત છત્તીસગઢમાં ૭૦ લાખ રોપા રોપાયા. હિમાચલ પ્રદેશમાં દિકરીના જન્મની વધામણી માટે પાંચ છોડ આપવામાં આવે છે. 'સાંસ્કૃતિક વન' યોજના હેઠળ ગુજરાતમાં રાશિ મુજબ છોડ આપી તેનો ઉછેર કરવા પ્રેરવામાં આવે છે. આદિમાનવનું સમગ્ર જીવન વૃક્ષોના સહારે વ્યતીત થતું હતું. પૃથ્વી પરના સંકટો ટાળવા માટે આપણા રોજિંદા જીવનમાં આપણે દર મિનિટે પર્યાવરણ બગાડવાનું કામ કરીએ છીએ અને ઈચ્છીએ છીએ કે આપણે ફેલાવેલી ગંદકી સાફ કરવાનું કામ વૃક્ષોએ કરવું જોઈએ. આ માટે નાના-નાના જાતે જ પ્રયત્નો કરવાથી પર્યાવરણ બગડતું અટકાવી શકાય છે.

એનર્જી સ્વરાજ ફાઉન્ડેશન અને આઈ આઈટી બોમ્બેના પ્રોફેસર

ચેતનસિંહ સોલંકીએ TUPEE (ટુપી) ફોર્મ્યુલા આપી છે જેનાથી દૈનિક જીવનમાં પર્યાવરણને સુધારવા માટે આપણે શું કરવું જોઈએ તેની યાદ અપાવે છે. T એટલે ટ્રાવેલ લેસ, U એટલે યુઝ આઈટમ વાઈઝલી, P એટલે પરચેઝ કોશિયસલી, E એટલે ઈટ કેરફુલી અને E એટલે એલિમિનેટ ઈલેક્ટ્રીસીટી વેસ્ટ. આ પાંચેય ક્ષેત્રો દ્વારા વૈશ્વિક સ્તરે ૨૦ થી ૨૫ ટકા કાર્બન ઉત્સર્જન થાય છે. જો પ્રત્યેક વ્યક્તિ આ પાંચ બાબતોમાં સુધારો કરે અમલ કરે તો રોજિંદા જીવનમાં પર્યાવરણનો બચાવ થઈ શકે. રાષ્ટ્ર પ્રત્યેની આપણી જવાબદારીઓના વહન માટે આપણે સૌ એ કટિબધ્ધ બનવું પડશે. સાથે મળીને પર્યાવરણને બચાવવા માટે પ્રયાસો કરવા પડશે. વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર અને જતન કરવુ તે આપણી નૈતિક ફરજ છે અને પર્યાવરણ બચાવવા આપણે શ્રેષ્ઠ પ્રયાસ કરીશુ એ જ અભ્યર્થના.

તા. ૦૧-૦૬-૨૦૨૬
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
**કુલપતિ**

# યુનિવર્સિટી ન્યુઝ

## યુથ પાર્લામેન્ટ-૨૦૨૬



ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય દ્વારા 'માય ભારત' અંતર્ગત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. શાખા અને પાટણ જિલ્લાની યુથ ઓફીસના સંયુક્ત ઉપક્રમે તા.૨૪ માર્ચ, ૨૦૨૬ ના રોજ જિલ્લા કક્ષાની 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ-૨૦૨૬' નું આયોજન કરવામાં આવ્યું હતું. 'ભારતીય લોકશાહી માટે કટોકટીના ૫૦ વર્ષ' વિષય ઉપર વિદ્યાર્થીઓએ પોતાનો મત આપ્યો હતો. એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર એ મહેમાનોને શાબ્દિક આવકાર આપ્યો. કાર્યક્રમની શરૂઆતમાં માન.કુલપતિ ડૉ. કે.સી.પોરિયા દ્વારા વિદ્યાર્થીઓને આર્શીવચન તેમજ આવનાર સમય વિકસિત ભારત ૨૦૪૭ માં રાષ્ટ્ર માટે દેશનો યુવા કેવી રીતે ઉપયોગી તથા નેતૃત્વ કરી શકે તેના વિશે વિશેષ માહિતગાર કર્યા હતા. પાટણ જીલ્લાના યુથ ઓફિસર રમેશકુમાર કપૂરે વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ વિશે પ્રતિભાગીઓને માહિતગાર કર્યા હતા. જેમાં પ્રથમ નંબરે જોષી હિતેશ, બીજા નંબરે પટેલ કુલદીપ, ત્રીજા નંબરે રાજગોર મીરા, ચોથા નંબરે રાવલ ઋત્વિક અને પાંચમાં નંબરે જોષી નેહા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિજેતા થયેલ યુવા વિદ્યાર્થીઓ રાજય કક્ષા એ યુથ પાર્લામેન્ટમાં ભાગ લઇ જિલ્લાને ગૌરવ અપાવશે.

# કોલેજ ન્યુઝ

## ઉજવણી



❊ શ્રી. કે. આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજીમાં ઈનોવેશન કલબ અંતર્ગત રાષ્ટ્રીય ઈનોવેશન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ.ડૉ. એ. કે. પટેલના માર્ગદર્શન હેઠળ ઈનોવેશન કલબના કો-ઓર્ડિનેટર ડૉ. માલતી પટેલે સદર દિવસની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય ઈનોવેશન દિવસનું મહત્ત્વ સમજાવતા જણાવેલ કે 'તે યુવા પેઢી માટે નવી ટેકનોલોજી અને નવીનતા ક્ષેત્રે કારકિર્દીના નવા દ્વાર ખોલે છે જેનો મુખ્ય હેતુ નવીન વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.' આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓના નવા નવા વિચારોને ઉજાગર કરવા 'સંશોધન અને ટેકનોલોજી' વિષય પર વકતૃત્વ યોજવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના મૌલિક વિચારો રજૂ કરી દિવસની ઉજવણી કરી હતી.



❊ શ્રી કલજીભાઈ આર.કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજી ખાતે તા- ૧૮-૨-૨૦૨૬ ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર સંયુક્ત ઉપક્રમે 'માતૃભાષા સપ્તાહ' અંતર્ગત 'માતૃભાષા મહોત્સવ-૨૦૨૬' ની ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં સાહિત્યિક વ્યાખ્યાન અને સાંસ્કૃતિક પ્રસ્તુતિ દ્વારા માતૃભાષા ગુજરાતીનો મહિમા ગાન કરવામાં આવ્યો હતો. અતિથિ વિશેષ સુશ્રી નીલિમાબહેન પટેલે 'વીણાવાદિની સ્વર દે..' પ્રાર્થના દ્વારા મા શારદાની વંદના કરી સમગ્ર વાતાવરણને પવિત્ર અને ભક્તિમય

બનાવી દીધું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. ડી.સી. પટેલે પ્રસંગોચિત શાબ્દિક સ્વાગત કરી તમામ મહેમાનોને આવકાર્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા જાણીતા સાહિત્યકાર રમેશ પટેલ 'ક્ષ' એ પોતાની આગવી અને રમૂજી શૈલીમાં વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે આદિકવિ નરસિંહ મહેતાથી માંડીને આધુનિક યુગના સર્જકોના ઉદાહરણો આપી ગુજરાતી ભાષાના વૈભવની વાત કરી હતી. હળવી શૈલીમાં તેમણે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું કે માતૃભાષા એ માત્ર બોલવાનું સાધન નથી, પણ આપણા સંસ્કારોનું મૂળ છે. ભુપેન્દ્રભાઈએ પોતાની સુમધુર ગાયકીથી 'વો શામ કુછ અજીબ થી' જેવી સુંદર કૃતિઓ રજૂ કરી સાહિત્યિક મહોત્સવમાં સંગીતનો રંગ ભર્યો હતો. આ મહોત્સવમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાની પ્રેરણા અને ડૉ. જયેન્દ્રસિંહ જાદવના સહયોગથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સાહિત્ય પ્રેમીઓએ માતૃભાષાના આ ઉત્સવને માણ્યો હતો.




❊ શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં તા. ૨ થી ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન વિવિધ ડે ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ.ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ ડે સપ્તાહ દરમિયાન વેશભૂષા દિવસ, રેડ ડે, ટર્બન (પાઘડી) ડે, ગોગલ્સ ડે, વાનગી ડે, વિવિધ ફૂડ સ્ટોલ ડે અને ટ્રેડિશનલ ડે જેવા કાર્યક્રમો આનંદ ઉલ્લાસથી ઉજવાયા હતા. કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઇ ડે સપ્તાહને યાદગાર બનાવ્યો હતો.



❊ શ્રીમતી આનંદીબેન શંકરભાઈ ચૌધરી મહિલા આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ, મહેસાણાના ગુજરાતી વિભાગ દ્વારા તા.૨૧–૨–૨૦૨૬ 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણી કાવ્યપઠન દ્વારા કરવામાં આવી હતી. 'ગુજરાતી ભાષા પર મને ગર્વ છે, આ માત્ર ભાષા નથી, મારી માતૃભાષા છે' એવા વિચારો સાથે વીસ જેટલી વિદ્યાર્થિનીઓએ જુદા જુદા ગુજરાતી કવિઓના કાવ્યોને સ્ટેજ પરથી પઠન કરી આ દિવસની ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી. આ દિવસે વિદ્યાર્થિનીઓને માતૃભાષાનું ગૌરવ વધે એ માટે એના પ્રચાર અને પ્રસાર કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.



❊ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને શ્રીમતિ કાંતાબેન કિર્તીલાલ શાહ આર્ટ્સ અને શ્રીમતિ લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં માતૃભાષા પ્રત્યે ગૌરવભાવ, ભાષાકીય વૈવિધ્યનું મહત્ત્વ અને સ્થાનિક ભાષાઓના સંવર્ધન અંગે જાગૃતિ લાવવાનો હતો. પ્રિ.ડૉ. ડી. એસ.ચારણ એ માતૃભાષા માનવ સંસ્કૃતિનું મૂળ આધારસ્તંભ છે અને વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસમાં તેની અનિવાર્ય ભૂમિકા છે તે બાબતે ભાર મૂક્યો હતો. વિશ્વ માતૃભાષા દિવસના અવસરે વિવિધ વક્તા દ્વારા વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ માતૃભાષાના સંરક્ષણ, વૈશ્વિકીકરણના યુગમાં સ્થાનિક ભાષાઓના પડકારો અને નવી પેઢીમાં ભાષાપ્રેમ વધારવાના માર્ગો જેવા મુદ્દાઓ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. મુખ્ય વક્તા તરીકે કૉલેજના પૂર્વ પ્રાધ્યાપિકા ડૉ. વર્ષાબેન ઠક્કરે ભાષા અને ઓળખ વચ્ચેના ગાઢ સંબંધને ઉજાગર કરતાં જણાવ્યું કે માતૃભાષા માત્ર સંચારનું સાધન નહીં પરંતુ સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યોનું જીવંત પ્રતિબિંબ છે. બીજા વક્તા તરીકે આર્ટ્સ અને કોમર્સ કૉલેજ રાધનપુરના અધ્યાપક ડૉ. પિયુષ વડનગરી જેમણે ભાષાકીય વૈવિધ્ય જાળવવું એ સામાજિક સમરસતા અને જ્ઞાનની સમૃદ્ધિ માટે આવશ્યક છે, તેવો સંદેશ આપ્યો હતો.




❊ ધી કે.એન.એસ.બી.એલ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખેરાલુના ગુજરાતી વિભાગ દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ.ડૉ. બી.જે. ચૌધરીના માર્ગદર્શનમાં યોજાયેલ આ કાર્યક્રમમાં અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. ભગવાનભાઈ ચૌધરી માતૃભાષા મહિમા વિશે તેમના વિચારો પ્રસ્તુત કર્યા હતાં. આ પ્રસંગે કૉલેજના વિદ્યાર્થીઓ રાવલ માધવી, શ્રીમાળી કામિની અને ચૌહાણ ઉષાએ વિશ્વ માતૃભાષા દિવસ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે સહભાગી થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતાં. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. વિનયકાંત પરમાર અને ડૉ. શીતલબેન પ્રજાપતિ તેમના વિચારો અભિવ્યકત કર્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. વિનુભાઈ ચૌહાણે કર્યું હતું.

## એન.સી.સી.



❊ શ્રી વી.આર.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં ૭ બટાલિયન એન.સી.સી. મહેસાણા દ્વારા એન.સી.સી. 'સી સર્ટીફીકેટ' ની પ્રાયોગિક અને લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. એન.સી.સી. 'સી' સર્ટિફિકેટ ની પ્રાયોગિક પરીક્ષામાં ડ્રિલ ટેસ્ટ, મેપ રીડિંગ, વેપન ટ્રેનિંગ,કોમ્યુનિકેશન પરીક્ષા કેડેટ્સ દ્વારા આપવામાં આવી હતી. પ્રેક્ટિકલ પરીક્ષા અને થિયરી પરીક્ષા તા. ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ લેવામાં આવી હતી. જેમાં ૨૪૬ કેડેટસે પરીક્ષા આપી હતી. આ પરીક્ષા દરમિયાન કર્નલ અનંત ભાગવત પ્રિસાઈડિંગ ઓફિસર બટાલિયન અમદાવાદ અને લેફ્ટનન્ટ કર્નલ અરવિંદ જોશી ૧ આર્મર બટાલિયન અમદાવાદ હાજર રહ્યા હતા.

## એન.એસ.એસ.



❊ શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણના એન.એસ.એસ.વિભાગ દ્વારા તા.૨૮ જાન્યુ. થી 03 ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન સાત દિવસીય વાર્ષિક ગ્રામ્ય શિબિરનું આયોજન પાટણ જિલ્લાના સાગોડિયા ગામમાં કરવામાં આવ્યું હતું. સાગોડિયા ગામમાં આવેલ અધ્યાત્મિક કેન્દ્ર સર્વમંગલમ્ આશ્રમ સંચાલિત શ્રીમતી એલ.પી.શાહ ઉ.બુ.શાળામાં યોજાયેલ ઉદ્ઘાટન સત્રમાં હેમ.ઉ.ગુ.યુનિના કુલપતિ ડૉ. કિશોરકુમાર પોરિયા હાજર રહી વિદ્યાર્થીઓને ભારતીય જ્ઞાન પરમ્પરાનું મહત્ત્વ સમજાવી શિબિરને સાર્થક બનાવવા માટે પ્રેરણા કરી હતી. સર્વમંગલમ્ આશ્રમના સંચાલક ડૉ. મહેન્દ્રભાઇ શાહે વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે આધ્યાત્મિક જીવનમાં પણ પ્રગતિ કરવા જણાવ્યું હતું. પ્રિ. ડૉ. રીટાબેન પારેખે વિદ્યાર્થીઓને ગામના લોકોની સમસ્યાઓ જાણીને તે અનુસાર વિવિધ કાર્યક્રમ કરવા માટે પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. શિબિર માટે શુભેચ્છા પાઠવતા સાગોડિયા ગામના સરપંચ જવાનજી ઠાકોર તથા ઉપસરપંચ સુરેશભાઈએ શિબિર માટે સંપૂર્ણ –સહકાર આપવા માટે ખાતરી આપી હતી. ગામની પ્રાથમિક શાળાના આચાર્ય હિતેશભાઈના પ્રતિનિધિ તરીકે ચિરાગભાઇ પટેલ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ગામનો પરિચય પ્રાપ્ત કરીને શિબિરના સાત દિવસ દરમિયાન ગામમાં પ્રભાતફેરી, ભવાઈ, ભજન સંધ્યા, વ્યસનમુક્તિ રેલી, સ્વચ્છતા જાગૃતિ વગેરે વિવિધ કાર્યક્રમો કર્યા હતા. ભારતીય જ્ઞાન પરમ્પરામાં વર્ણિત ૭૨ કળાઓ સંદર્ભે, સંગીતકળા, નાટ્યકલા, યોગ, આયુર્વેદ વગેરે વિષયના વ્યાખ્યાનનું આયોજન કરવાં આવ્યું હતું. શિબિરમાં પાટણની આયુર્વેદ હોસ્પિટલના ડેપ્ટ સુપરી. ડૉ. ભાર્ગવ ઠક્કરે રોજીંદા જીવનમાં આયુર્વેદ, યોગા ટ્રેઈનર જ્યોતિ પટેલ યોગ અંગે તેમજ શાળાના આચાર્ય રાજેશભાઈ પટેલે નાટ્યવિદ્યા વિશે અસરકારક વ્યાખ્યાન આપ્યા હતા. પ્રાથમિક શાળામાં શિક્ષણ સાથે એન.એસ.એસ.ની પ્રવૃત્તિઓ વિશે જણાવી મૂલ્યલક્ષી શિક્ષણકાર્ય પણ કરવામાં આવ્યું હતું. પાટણની હેમ.ઉ.ગુ.યુનિ.ના એન.એસ.એસ. વિભાગના કો.ઓર્ડિનેટર કમલેશભાઈ ઠક્કરે પણ શિબિર સ્થળની મુલાકાત લઈને યાદગાર રહે તેવા લોકજાગૃતિના કાર્યક્રમ કરવા માટે જણાવ્યુ હતું. કાર્યક્રમના સમાપન પ્રસંગે ઉપસ્થિત ગામના આગેવાન પ્રો. હિરાભાઇ પ્રજાપતિએ એન.એસ.એસ. વિભાગની પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી અને ગામડાઓમાં લોકજાગૃતિ દ્વારા જ દેશની સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે, તેમ જણાવ્યું હતું.



❊ મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ 'માય ભારત બજેટ ક્વિઝ–૨૦૨૬' વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થિનીઓમાં ભારતના કેન્દ્રીય બજેટ અંગે જાગૃતિ ફેલાવવાનો તેમજ સ્પર્ધાત્મક ક્વિઝમાં સક્રિય ભાગ લેવાની પ્રેરણા આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન સ્વયંસેવક વિદ્યાર્થીઓને Mybhart.gov.in પોર્ટલ પર કેવી રીતે ઓનલાઇન નોંધણી કરવી તેમજ ક્વિઝમાં ભાગ લેવા માટેની સંપૂર્ણ પ્રક્રિયા વિગતવાર સમજાવવામાં આવી હતી. આ ઉપરાંત, ક્વિઝમાં ભાગ લેવાના લાભો, પ્રમાણપત્ર પ્રાપ્ત કરવાની તક અને રાષ્ટ્રીય સ્તરે જ્ઞાન વૃદ્ધિ માટેના અવસર અંગે પણ માહિતી આપવામાં આવી હતી.



❊ શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટસ કૉલેજ, સતલાસણાના એન.એસ.એસ.યુનિટ દ્વારા તા.૧૬–૨–૨૦૨૬ ના રોજ નવાવાસ – રાજપુર મુકામે વન–ડે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

નવાવાસ ગામમાં સવારે સરપંચ સાથે મુલાકાત કરી ગામમાં પ્લાસ્ટિક હટાવો અભિયાન અંતર્ગત પ્લાસ્ટિક એકઠું કરી નિકાલ કરવામાં આવ્યું હતું. દુકાનદારોને મળીને વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિક ન વાપરવા માટેનું સૂચન કર્યું અને બજેટ ક્વેસ્ટ અંતર્ગત વિદ્યાર્થીઓને ક્વિઝ આપવામાં આવી હતી. નવાવાસની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પાસે વિવિધ પ્રવૃત્તિઓ કરાવી, વિવિધ રમતો રમાડી, રોડ સેફટી અંતર્ગત નેશનલ હાઈવેની સાઈડમાં બેનરો સાથે ઉભા રહીને વાહન ચાલકોને ફુલ આપી હેલ્મેટ પહેરવા, સીટબેલ્ટ બાંધવા, ઝડપ ઓછી રાખવા અને ટ્રાફિક ના નિયમોનું પાલન કરવા વિનંતી કરી હતી.



❊ શ્રી કે.આર. કટારા આર્ટસ કૉલેજ, શામળાજી દ્વારા તા. ૯–૨–૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત સાત દિવસીય વિશેષ વાર્ષિક શિબિરનું ઉદ્‌ઘાટન રાજપુર ગામ ખાતે ખૂબ જ ઉત્સાહભર્યા વાતાવરણમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ અને ઉદ્‌ઘાટકપદે રામદેવ મંદિરના ટ્રસ્ટીશ્રીએ દીપ પ્રાગટ્ય દ્વારા શિબિરને ખુલ્લી મૂકતા જણાવ્યું હતું કે યુવાનોમાં સેવાના સંસ્કાર સિંચવા માટે NSS શ્રેષ્ઠ માધ્યમ છે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે રાજપુર દૂધ ડેરીના સેક્રેટરી મનુભાઈએ ગ્રામીણ વિકાસમાં સહકારના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. અતિથિ વિશેષ તરીકે પધારેલા દેવકરણભાઈ પટેલ અને રાજપુર પ્રાથમિક શાળાના આચાર્ય શીતલબેન જોશીએ પણ સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના પ્રિ.ડૉ. એ.કે. પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે શિબિર દ્વારા વિદ્યાર્થીઓ સામાજિક જવાબદારીના પાઠ શીખશે. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર સંજયભાઈએ આગામી સાત દિવસ દરમિયાન થનારી પ્રવૃત્તિઓ જેવી કે ગ્રામ સફાઈ, સર્વેક્ષણ, વ્યસન મુક્તિ અભિયાન અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વિસ્તૃત રૂપરેખા રજૂ કરી હતી.



❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાધનપુર દ્વારા આયોજિત તાલુકાના ગુલાબપુરા ખાતે એન.એસ.એસ. શિબિરનો પ્રારંભ તા. ૧૧–૨–૨૦૨૬ના રોજ ડૉ. નવીનભાઈ ઠક્કરના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો હતો. તા. ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાયેલ શિબિરમાં પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરી અને વિદ્યાર્થીઓને એન.એસ.એસ.નો હેતુ સમજાવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મણીભાઈ લાટી પધારેલ. ડૉ. પ્રવિણભાઈ ઓઝાએ આરોગ્ય વિશે ડૉ. વસંતભાઈ ચૌધરીએ સરકારની વિવિધ યોજનાઓ વિશે અને ડૉ. પરેશભાઈ દરજીએ આયુર્વેદિક વિષયકમાં માહિતી આપી હતી.



❊ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીના એન.એસ.એસ. અંતર્ગત તા. ૧૨–૨–૨૬ ના રોજ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સ્વચ્છતા અભિયાન, રેડક્રોસ સોસાયટી અંતર્ગત રક્ત પરીક્ષણ વડીલ વંદના કરવામાં આવી હતી. પેઢી દર પેઢી વચ્ચેના અંતરને દૂર કરી બાળકોમાં સારા સંસ્કારનું સિંચન થાય અને વડીલોને આદરભાવ મળે એ મુખ્ય આશય હતો. મહાદેવ ગ્રામ પ્રાથમિક અને હાઈસ્કૂલમાં ‘છાંયડો’ સંસ્થાના નરેશભાઈ કટારા, આયુષભાઈ મહેતા, ધ્રુવભાઈ ભગોરા, સંધ્યાબહેન પાંડવ, ભાગ્યશ્રી ગામેતી દ્વારા સ્વદેશી જાગરણ અને વસ્તુ નિદર્શન કરવામાં આવ્યું હતું. જેનું રસપૂર્વક સંવાદો દ્વારા પ્રત્યાયન થયું હતું. જેમાં શાળાના આચાર્ય રેખાબહેન પટેલે સુંદર સહયોગ અને આયોજન કર્યું હતું. ગામની મહિલાઓ માટે સ્વનિર્મિત વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમના આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ. સંજય પંડ્યા અને ડૉ. જાગૃતિ પટેલે કર્યું હતું.

## કાર્યક્રમ



❊ શ્રી સાર્વજનિક BSW/MSW કૉલેજ, મહેસાણાના વિદ્યાર્થીઓ ગાયત્રી સેવા સંસ્થાન, જીલ્લા સમાજ સુરક્ષા કચેરી, જીલ્લા બાળ સુરક્ષાના સંયુક્ત ઉપક્રમે આયોજિત બાળ વિવાહ નાબુદ કરવા માટે બાળ લગ્ન મુક્તિરથને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથ ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં નાગરિકોને બાળ લગ્નના ગેરફાયદા ને કાયદાકીય જાગૃતિ લાવવા મહેસાણા તાલુકાના ૮ ગામ, કડી તાલુકાના ૨૦ ગામ અને જોટાણા તાલુકાના ૧૦ ગામમાં ભ્રમણ કરી સંદેશ આપવામાં આવશે. ભારત સરકારના ૨૦૩૦ સુધીમાં બાળલગ્ન મુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે જાહેર

કરાયેલા ૧૦૦ દિવસીય વિશેષ કાર્યક્રમ અંતર્ગત જીલ્લામાં જન જાગૃતિ માટે મહેસાણા કલેક્ટર કચેરી ખાતે અધિક કલેક્ટર જશવંત જેગોડા, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, જીલ્લા બાળ અધિકારીશ્રી તથા ગાયત્રી સેવા સંસ્થાનના કો–ઓર્ડીનેટર વગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહી રથને પ્રસ્થાન કરાવેલ હતું.




❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં તા. ૨૩–૨–૨૦૨૬ ના રોજ શામળાજી સિવિલ હોસ્પિટલ, કોટેજ હોસ્પિટલ ભિલોડા અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી 'રેડ રીબન અવરનેસ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગણપતભાઈ પરમાર (ICTC શામળાજી હોસ્પિટલ), મહેશભાઈ બળેવા (SIT કોટેજ હોસ્પિટલ, ભિલોડા) ઉપસ્થિત રહી વિષયને અનુરૂપ સર્વગ્રાહી માહિતી પૂરી પાડી હતી. એક કાઉન્સેલર તરીકેની ફરજોની ઉત્તમ છણાવટ ડૉ. દિપીકાબેન ડુસા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે દરેકને લેખન કીટ અને અલ્પાહારની વ્યવસ્થા રેડ રીબન કલબ તરફથી કરવામાં આવી હતી.




❊ શ્રી બી. પી.બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરુ કોમર્સ કૉલેજ, ઊંઝામાં થેલેસેમિયા ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ 'હેલ્થ એન્ડ હાયજીન કમિટી' દ્વારા NSSના સહયોગમાં અને કલાબેન પટેલ મિડ એજ હેલ્થ કલબ, ઊંઝાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૧૧ વિદ્યાર્થીઓએ પોતાનો થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો.



❊ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઇ ખાતે CWDC Cell અંતર્ગત "POSH Act, 2013" વિષય પર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા તરીકે કૉલેજના CWDC કો–ઓર્ડીનેટર ડૉ. ક્રિષ્ના લાલા દ્વારા પીપીટી માધ્યમથી POSH Act, 2013 વિષય પર વિસ્તૃત અને સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે કાર્યસ્થળ પર મહિલાઓના યૌન શોષણ સામે કાયદાકીય સુરક્ષા, ફરિયાદ કરવાની પ્રક્રિયા, આંતરિક ફરિયાદ સમિતિની રચના, મહિલાઓના અધિકારો તથા સંસ્થાની જવાબદારીઓ વિશે વિગતવાર સમજ આપી હતી. તેમણે ઉદાહરણો દ્વારા સમજાવ્યું કે POSH Act માત્ર કાયદો નથી પરંતુ સુરક્ષિત, સન્માનજનક અને સમાન કાર્યસ્થળ રચવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વિદ્યાર્થીઓ તથા સ્ટાફમાં કાયદા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હતો, જે સફળતાપૂર્વક સિદ્ધ થયો.



❊ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ગાંભોઈના N.S.S. વિભાગ દ્વારા તા. ૧૨–૨–૨૦૨૬ના રોજ રોડ સેફટી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને 'રોડ સેફટી બાબતે જાગૃત' કરવાનો હતો. આ કાર્યક્રમમાં એન.એન.એસ. કો–ઓર્ડીનેટર પ્રા. દેવેન્દ્રકુમાર ચૌધરીએ માર્ગ અકસ્માત નિવારણ બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. ત્યારબાદ રોડ સેફટી વિષયક જાણકારી વિડીયો નિદર્શન દ્વારા આપી હતી. આ કાર્યક્રમમાં ગાંભોઈ પોલીસ સ્ટેશનથી પધારેલ પોલીસ કર્મચારીઓએ પણ વિદ્યાર્થીઓને રોડ સેફટી બાબતે જાગૃત કર્યા હતા.



❊ શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં તા. ૧૨–૨–૨૦૨૬ના રોજ ૩૨મો દીક્ષાંત સમારોહ, શિલ્ડ અર્પણ, ભૂતપૂર્વ વાલી મિટીંગ, મણીબા રણછોડદાસ પટેલ શિવણ વર્ગમાં અભ્યાસ કરતી જરૂરિયાતમંદ, વિધવા, ત્યક્તા બહેનોને મફત સિલાઇ મશીન વિતરણ કાર્યક્રમ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. મહેશભાઇ મુલાણીના અધ્યક્ષસ્થાને અને પ્રિ.ડૉ. સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સિવણ વર્ગમાં ૧૩૦૦થી વધારે બહેનોએ તાલીમ મેળવી આત્મનિર્ભર બની છે તેમજ આ વર્ગ દ્વારા અત્યાર સુધી ૯૦થી વધારે સીવણ મશીન વિતરણ કરવામાં આવ્યા છે. ડૉ. જશવંતભાઇ માજીરાણા, ડૉ. ગોપાલભાઇ ઠાકોર અને ડૉ. રોશનીબેન પટેલનું પીએચ.ડી.ની ડીગ્રી તેમજ પ્રા. મનુભાઇ ડોડીયા

અને પ્રા. વિજયભાઇ ઠાકોરનું જીસેટ પરીક્ષા પાસ કરી તે બદલ તેમનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. બી.એ./બી.કોમ. તેમજ એમ.એ./એમ.કોમ.માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવેલ વિદ્યાર્થીઓને તેમજ એન.સી.સી.ના બે શ્રેષ્ઠ કેડટર્સને શિલ્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.



❊ શ્રી વી. આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણા દ્વારા બી.કોમના વિદ્યાર્થીઓ માટે પ્રિ. ડૉ. જે.કે.પટેલના માર્ગદર્શન હેઠળ મેન્ટલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન KCG અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. ડૉ. મહેશ પટેલ OSD, KCG દ્વારા વિદ્યાર્થીઓને મેન્ટલ હેલ્થ અવેરનેસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. હર્ષા ડાંગર દ્વારા કરવામાં આવ્યું હતું.



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીની એન.એસ.એસ. સાત દિવસીય ખાસ વાર્ષિક શિબિર પ્રિ.ડૉ. અજય કે. પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. જાગૃતિ પટેલ અને ડૉ. સંજય પંડ્યા પ્રોગ્રામ ઓફિસરના આયોજનમાં રાજપુર ખાતે ચાલતી વાર્ષિક શિબિરમાં વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યાના વધી રહેલા બનાવો માટે અવેરનેશ કેળવાય અને આવા બનાવો ના બને તે માટે ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા કેસીજીમાં વિશેષ વર્કશોપ યોજાઈ રહ્યા છે એમાંથી તાલીમ મેળવી આવેલ પૂર્વ પ્રોગ્રામ ઓફિસર ડૉ. સમીર પટેલે ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા થતી અટકાવવા માટે માનસિક સ્વાસ્થ્ય એટલે શું? હતાશા, નિરાશા, મોબાઈલ એડિક્શન, જાતીય શિક્ષણનો અભાવ, તણાવ દૂર કરવા અંગેની યુક્તિ પ્રયુક્તિઓ અનેક દ્દષ્ટાંત સહિત રજૂ કરી ખાસ જાગૃતિ કેળવાય તેવા પ્રયત્નો કર્યા હતા આત્મહત્યા માટેનાં જોખમી પરિબળોમાં નુકશાન, એકલતા, ભેદભાવ, સંબંધ વિવાદ, નાણાંકીય મુશ્કેલીઓ, ક્રોનિક પીડા અને બીમારી, હિંસા, દુર્વ્યવહાર અને સંઘર્ષ વગેરે ગણી શકાય તેની ચર્ચા કરી હતી સાથે સાથે વ્યક્તિત્વ વિકાસ માટે આ પ્રકારના કેમ્પ કેવી રીતે ઉપયોગી થાય છે એની છણાવટ પૂર્વક વાત કરી એમનામાં રહેલી શક્તિઓ ઉજાગર કરવા આહ્વાન કર્યું હતું.

## કોન્ફરન્સ




નોલેજ કોન્સોર્ટિયમ ગુજરાત KCG, શિક્ષણ વિભાગ ગુજરાત સરકારના સહયોગથી સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા ખાતે પ્રિ.ડૉ. કે. પી. પટેલના સક્રિય માર્ગદર્શન હેઠળ 'ક્રિપ્ટોગ્રાફી અને ડેટા સિક્યુરિટી' વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્‌ઘાટક અને મુખ્ય વક્તા તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોર પોરીયા, પ્રો.ડૉ. રવિ ગોર અધ્યક્ષ મેથેમેટીક્સ ડિપાર્ટમેન્ટ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, બાબુ બનારસી દાસ યુનિવર્સિટી લખનૌથી પ્રો.ડૉ. પ્રવીણકુમાર શુક્લા ડીન એન્જિનિયરિંગ ફેકલ્ટી, સિલીકોનવેલી સાનફ્રાન્સિકો USA થી જાપાનીઝ સોફ્ટવેર કંપની રાકુટેન રીવાર્ડસ ની લીડર એન્જિનિયર પારસ પટેલ હાજર રહી ચાવીરૂપ તજજ્ઞ વ્યાખ્યાન આપેલ હતા. બોકારેટન ફ્લોરિડા યુએસએ (USA) થી ડૉ. હર્ષલ સંઘવી, ડૉ. સુનીલ દત્તા, ડૉ. દિપાયેન દાસ અને સમ્રાટ પટેલ યુનિવર્સિટી ઓફ કેન્ટુકી રોસ્ટઅરથી ઓનલાઈન માધ્યમથી જોડાઈને પોતાના વિષય નિષ્ણાત પ્રેઝન્ટેશન રજૂ કર્યા હતા. વિષય તજજ્ઞોએ પ્રવર્તમાન ડિજિટલ યુગમાં ડેટા ચોરીના વધતા જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને તેને રોકવા માટે અત્યાધુનિક સ્વદેશી ટેકનોલોજીના વિકાસ પર ભાર મૂક્યો હતો. કોન્ફરન્સ સેક્રેટરી ડો આર એચ પરમારે ઉદેશો સ્પષ્ટ કર્યા હતા, આચાર્ય ડૉ. કે. પી. પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ''આજના સમયમાં ડેટા એ જ નવી સંપત્તિ છે. તેની સુરક્ષા માટે ક્રિપ્ટોગ્રાફીનું જ્ઞાન અનિવાર્ય છે. આ કોન્ફરન્સના માધ્યમથી જે જ્ઞાનનું આદાનપ્રદાન થયું છે, તે ભવિષ્યમાં વધુ સુરક્ષિત ડિજિટલ ઈકોસિસ્ટમ બનાવવામાં મદદરૂપ થશે.'

## જૂથચર્ચા



❊ શ્રી કે. આર. કટારા આર્ટ્સ કૉલેજ શામળાજીમાં 'સ્થાનિક બજાર અને ઓનલાઇન બજાર' વિષય પર જૂથચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રુપ A, ગ્રુપ B, ગ્રુપ C, ગ્રુપ D અને બાકીના વિદ્યાર્થીઓ ઓડિયન્સ તરીકે જોડાયા હતા. આ જૂથ ચર્ચાના સંચાલનમાં દરેક વિદ્યાર્થીઓએ પોતાના રસપ્રદ મંતવ્યો રજૂ કર્યા હતા.

ડૉ. દીપિકા દુસાએ વિદ્યાર્થીઓએ આપેલા પોતાના વિચારોને ધ્યાને લઇ બજારને લગતી જરૂરી અને આર્થિક રીતે લાભદાયી સમજૂતી આપી હતી. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિષયના પ્રો. ડૉ. સોનલ પંડ્યાએ વિદ્યાર્થીઓને સ્થાનિક બજાર અને ઓનલાઇન બજારના પ્રકારો, લાભ અને ગેરલાભ વિગતે સમજાવ્યા હતા. તેના આર્થિક મહત્ત્વમાં રોજગારીમાં વધારો, આવકના વિવિધ સ્ત્રોતો, સરકારને આવક એ તમામ બાબતોને સવિસ્તાર સમજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રિ. ડૉ. એ. કે. પટેલના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્ર વિષયના પ્રો. ડૉ. સોનલ પંડયાએ કર્યું હતું.

## સેમિનાર



✲ નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (KCG) અને શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭–૧–૨૦૨૬ના રોજ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' એક દિવસીય રાજ્ય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ.ડૉ. ડી.એસ. ચારણે નોલેજ કોન્સોર્ટીયમ (KCG) ના સહયોગને બિરદાવી સ્વાગત પ્રવચનમાં આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી, પ્રસંગને અનુરૂપ રાષ્ટ્રભાવ, દેશહિતના કાર્યો તથા લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલને દીર્ઘદષ્ટિ અને અખંડ ભારતની નેમને યાદ કરી, દેશના યશસ્વી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી રાષ્ટ્રભાવનાને સ્મરણ કરીને પ્રેરક દષ્ટિવંત પ્રવચન આપ્યું હતું. આ સેમિનાર ડૉ. દિલીપ રાણા (આઇ.એ.એસ. કમિશ્નરશ્રી, હાયર એજ્યુકેશન ગાંધીનગર) તથા ડૉ. યોગેશ યાદવ (જોઇન્ટ સીઇઓ, નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત એક્સટેન્શન–KCG)ના હૃદયના ભાવન સાથે પ્રેરણા, પ્રોત્સાહન, માર્ગદર્શન અને આશીર્વાદ મળ્યા હતા. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' સેમિનારના વક્તા ડૉ. જીતેન્દ્રકુમાર બી. પટેલે 'એક ભારત શ્રેષ્ઠ ભારત : એક વિચાર એક દિશા' વિશે રાષ્ટ્રપ્રેમ, દેશના વિવિધ રાજ્યોની સંસ્કૃતિ, ભાષા, ભોજન, પરિવેશ વગેરેમાં સમાનતા, માનવતા, એકતા, અખંડિતતા અને રાષ્ટ્રભાવના વિકસે તે સંદર્ભે ઐતિહાસિક ઉદાહરણો સાથે લાગણીસભર વિદ્વતાપૂર્ણ પ્રેરક પ્રવચન આપ્યું હતું. ડૉ. નવીન આર. પ્રજાપતિએ ભારતને જાણો, માનો અને સાચા અર્થમાં ભારતના બનો એ સંદર્ભે ભારતની એકતા અને અખંડિતતા સંદર્ભે આશિર્વાદ પાઠવ્યા હતા. સેમિનારની અંતિમ બેઠકના અધ્યક્ષ ડૉ. કેશવરામ જોષી એ વિવિધ કૉલેજ અને અનેક ક્ષેત્રોમાંથી પધારેલ વિદ્વાન અધ્યાપકશ્રીઓ, પીએચ.ડી. શોધાર્થી છાત્રો, વિદ્યાર્થીઓ વગેરેના શોધપત્રોનું વિગત પૂર્ણ વાંચન કરાવ્યું હતું. ત્યારબાદ પ્રશ્નોત્તરી અને વિવેચન કરી પોતાની શ્રેષ્ઠ ભૂમિકા ભજવી હતી અને સૌને સર્ટિફીકેટ અર્પણ કરી કાર્યક્રમને સંપન્ન કર્યો હતો.



✲ બી.ડી. શાહ કૉલેજ ઓફ એજ્યુકેશન, મોડાસામાં તા. ૧૦–૧–૨૦૨૬ના રોજ રાજ્યકક્ષાનો એક દિવસીય સેમિનાર આધ્યાત્મિક શિક્ષણ–માનવજાતની જરૂરિયાત હતો. તેમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિ ડૉ. કે.સી. પોરિયા, મુખ્ય મહેમાન તરીકે ડૉ. કે.કે. પટેલ (પ્રોફેસર અને હેડ હોસ્પિટલ મેનેજમેન્ટ, હેમ.ઉ.ગુ.યુનિ., પાટણ) તથા ડૉ. મહેશ એ. પટેલ KCG અમદાવાદથી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૪૦૦ જેટલા શિક્ષણવિદો સહભાગી થઇ ૧૪૦ જેટલા પેપર પ્રેઝન્ટ કર્યા હતા. વર્તમાન સમયમાં આધ્યાત્મિક શિક્ષણની જરૂરિયાત પર ચિંતન થયું. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન પ્રિ.ડૉ. બી.ડી. પટેલ દ્વારા અને સેમિનારના કો–ઓર્ડિનેટર ડૉ. એન.એ. મકવાણા, કન્વીનર ડૉ. સી.એચ. રાઠોડ તથા ઓફિસ હેડ મહેશભાઇ પ્રજાપતિ તથા સમગ્ર કૉલેજ પરિવાર કાર્યક્રમને સફળ બનાવવા સહયોગી બન્યા હતા.

## સબરસ

બકાએ સવારમાં પત્નીને ફટકારવાનું શરૂ કરી દીધું. લોકો ભેગા થઇ ગયા અને પૂછવા લાગ્યા : શું થયું ? કેમ મારો છો?

બકા : મને વશમાં કરવા તેણે મારી ચામાં તાવીજ નાખ્યું છે.

પત્ની : (બકાને લાફો મારીને) એ તાવીજ નથી, ટી બેગ છે.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

Editor : Dr. Rajanikant Patel (University Librarian)

Published by : Dr. R.N. Desai, Registrar, H.N.G.U., Patan.

Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–